# પ્રકરણ – ૧૪

## આંકડાકીય ક્ષેત્રે સિધ્ધિ

### આંકડા શાખાનું વહીવટી માળખું

| ક્રમ | જગ્યાનું નામ | વર્ગ | મંજુર થયેલ મહેકમ | ભરાયેલ જગ્યા | ખાલી જગ્યા |
|---|---|---|---|---|---|
| ૧ | જિલ્લા આંકડા અધિકારી | ૧ | ૧ | ૧ | ૦ |
| ૨ | સંશોધન અધિકારી | ૨ | ૧ | ૦ | ૧ |
| ૩ | સંશોધન મદદનીશ | ૩ | ૩ | ૨ | ૧ |
| ૪ | આંકડા મદદનીશ | ૩ | ૨ | ૨ | ૦ |
| ૫ | જુ. ક્લાર્ક | ૩ | ૨ | ૧ | ૧ |
| ૬ | પટાવાળા | ૪ | ૨ | ૧ | ૧ |
| કુલ | | - | ૧૧ | ૭ | ૪ |

## આંકડા શાખાની કામગીરી

### જિલ્લાની આંકડાકીય રૂપરેખા

નિયામકશ્રી અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર ગાંધીનગરની સૂચના મુજબ સમગ્ર રાજ્યમાં એક સુત્રતા જળવાઈ રહે તે માટે જિલ્લાના જુદા જુદા વિષયો જેવા કે વિસ્તાર અને વસતિ, ભૌગોલિક સ્થાન, આબોહવા, ખેતીવાડી, પશુધન, પશુપાલન, મત્સ્યોદ્યોગ, ખનીજ, વીજળી, જીવનવિમો, બેકીંગ, ભાવ, વાહન વ્યવહાર અને સંદેશાવ્યવહાર, નાણાં વ્યવસ્થા, રોજગારી અને માનવશક્તિ, શિક્ષણ, અને સાંસ્કૃતિ બાબતો, જન્મ-મરણ, જાહેર આરોગ્ય અને તબીબી સેવાઓ, ગુના, પોલીસ અને ન્યાય વ્યવસ્થા, સહકાર, સ્થાનિક સંસ્થાઓ તથા આયોજન વગેરેને લગતી માહિતી તાલુકા તથા જિલ્લાની કચેરીઓ પાસેથી એકત્ર કરી ચકાસણી કરી જિલ્લાની આંકડાકીય રૂપરેખા પ્રસિધ્ધ કરવામાં આવે છે. અહેવાલ વર્ષ દરમ્યાન ૨૦૧૬-૧૭ની પુસ્તિકા ઓગસ્ટ -૨૦૧૭માં પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

### જિલ્લાની સામાજિક આર્થિક સમીક્ષા

નિયામક , અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર ગાંધીનગરની સૂચના મુજબ જિલ્લાની સામાજિક આર્થિક સમીક્ષાની પુસ્તિકા તૈયાર કરવામાં આવે છે. તે મુજબ વર્ષ : ૨૦૧૬-૧૭ના વર્ષની સામાજિક આર્થિક સમીક્ષા તૈયાર કરી સપ્ટેમ્બર-૨૦૧૭માં પ્રકાશિત કરવામાં આવેલ છે.

### જિલ્લા પંચાયતોનો વાર્ષિક વહીવટી અહેવાલ

જિલ્લા પંચાયતોની જુદી જુદી શાખામાં વર્ષ : ૨૦૧૬-૧૭ દરમ્યાન હાથ ધરાયેલ વિવિધ પ્રવતિઓની થયેલ કામગીરીની વિગત એકત્રિત કરી વાર્ષિક વહીવટી અહેવાલ તૈયાર કરવામાં આવે છે. જે ડિસેમ્બર – ૨૦૧૭માં પ્રકાશીત કરવામાં આવેલ.

**હાફ ઈયરલી બુલટીન**

નિયામક , અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર ગાંધીનગર દ્વારા નિયત કરેલ જીવન જરૂરિયાતની આવશ્યક ચીજવસ્તુઓના છુટક તથા જથ્થાબંધ ભાવો મેળવવામાં આવે છે. આ ભાવોના આધારે દર છ માસે હાફ ઈયરલી બુલેટીન પ્રસિધ્ધ કરવા જણાવેલ છે. જે અંગેજી ભાષામાં પ્રસિધ્ધ કરવામાં આવે છે. છેલ્લે ડિસેમ્બર – ૨૦૧૭માં પ્રસિધ્ધ કરવામાં આવેલ.

**છઠ્ઠી આર્થિક ગણતરીની પુસ્તિકા**

અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર કચેરી ગાંધીનગર દ્વારા વર્ષ : ૨૦૧૨માં આર્થિક ગણતરી કરવામાં આવી હતી. આર્થિક ગણતરી દ્વારા એકત્રિત થયેલ માહિતી કમ્પાઈલ કરી એક બુક પ્રસિધ્ધ કરવામાં આવી હતી જે અંગ્રેજી ભાષામાં હતી આ બુકનો ઉદેશ્ય જિલ્લાના ઔદ્યોગિક માળખા વિષે વિગતવાર માહિતી સરળતાથી ઉપલબ્ધ થાય.

**સી.પી.આઇ (CPI)**

અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર કચેરી, ગાંધીનગર દ્વારા સી.પી.આઇ.ની કામગીરી અંતર્ગત ૨૯૪ જીવનજરૂરિયાતની વસ્તુઓના ભાવો દર માસે મેળવવાનાં થાય છે. આપણા જિલ્લાના સી.પી.આઇ. અંતર્ગત ૧૦ માર્કેટો પસંદ કરવામાં આવ્યા છે. દરેક વસ્તુ દીઠ એક મુખ્ય દુકાન અને બે રિઝર્વ દુકાનો પસંદ કરવાની થાય છે. સી.પી.આઇ.નો મુખ્ય ઉદેશ્ય રાજ્યને વિવિધ રિઝર્વેશનમાં વહેંચીને રિજિયન વાઇઝ મોંઘવારી દર મેળવવાનો છે.

**લોકલ બોડી એકાઉન્ટ**

નિયામક , અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર ગાંધીનગરની સૂચના મુજબ નગરપાલિકા, જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત તેમ જ ગ્રામ પંચાયતનાં વાર્ષિક સરવૈયા એકત્રિત કરી GISS નામના પોર્ટલમાં તેની ડેટા એન્ટ્રી કરવામાં આવે છે.

**બિઝનેશ રજિસ્ટર**

નિયામક, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર ગાંધીનગરની સૂચના મુજબ ૬ એક્ટ (શોપ એક્ટ, કમ્પની એક્ટ, ખાદી એક્ટ, કો-ઓપરેશન એક્ટ,સોસાયટી એક્ટ, અને ઈન્ડસ્ટ્રીઝ એક્ટ)ની માહિતી એકત્રિત કરી GISS નામના પોર્ટલમાં તેની ડેટા એન્ટ્રી કરવામાં આવે છે.

**પંચાયત કર્મચારીઓની ગણતરી**

વિકાસ કમિશનરની સુચના મુજબ દર વર્ષની માફક તા.૧/૧૧/૨૦૧૭ સુધીમાં માહિતી તા.૧/૧૦/૨૦૧૭ અંતિતની સ્થિતિએ પંચાયત સંવર્ગ હેઠળ કામ કરતાં કર્મચારીઓની માહિતી તૈયાર કરી વિકાસ કમિશનર ગુજરાત રાજ્ય, ગાંધીનગરને મોકલી આપવામાં આવેલ છે.

**ભાવ એકત્રિકરણ**

અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર કચેરી દ્વારા નિયત થયેલ જીવન જરૂરિયાતની આવશ્યક ચીજવસ્તુઓના છુટક તથા જથ્થાબંધ ભાવો પ્રતિ માસના પ્રથમ અને ત્રીજા શુક્રવારે નિયત થયેલ દુકાનોમાંથી મેળવી ચકાસણી કરીને નિયામક, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર ગાંધીનગરને મોકલાવવામાં આવેલ છે.

**પશુધન ગણતરી**

પશુપાલન નિયામકની કચેરી દ્વારા દર પાંચ વર્ષે પશુધન વસતિ ગણતરી અંગેની મોજણી હાથ ધરવામાં આવે છે છેલ્લી પશુધન વસતિ ગણતરી-૨૦૧૨ ની ગણતરીની કામગીરી પૂર્ણ થયેલ.

**વિલેજ પ્રોફાઈલ**

દર વર્ષે અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી દ્વારા વિલેજ પ્રોફાઈલની કામગીરી હાથ ધરવામાં આવે છે. છેલ્લી ૩૦-૦૬-૨૦૧૭ની સ્થિતિએ વિલેજ પ્રોફાઈલને અદ્યતન કરવાની કામગીરી ચાલુ છે.

**IIP (Index of Industrial Production)**

રાજ્યના ઔદ્યોગિક ઉત્પાદનનો સૂચક આંક તૈયાર કરવા નક્કી કરાયેલા ઉદ્યોગો પાસેથી દર માસે ઉત્પાદનની માહિતી લઈ ગાંધીનગર મોકલાવવામાં આવે છે.

**છઠ્ઠી આર્થિક ગણતરી**

છઠ્ઠી આર્થિક ગણતરીની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે.

**પાક કાપણી અખતરા અંગે નિર્દેશન**

દર વર્ષે જિલ્લા આંકડા અધિકારીને સુપ્રત કરવામાં આવતા પાક કાપણી અખતરાનું સુપરવિઝન કરીને તે અંગેનો અહેવાલ મોકલવામાં આવેલ છે.

**૮૦ ટકા નોર્મલ પ્લાન યોજનાઓ**

૮૦ ટકા નોર્મલ પ્લાન યોજનાઓ હેઠળ જિલ્લા પંચાયતને તબદિલ થયેલ યોજનાઓના ત્રીમાસિક પ્રગતિ અહેવાલ જિલ્લા પંચાયતની જુદી જુદી શાખાઓમાંથી મેળવી સંકલિત કરી જિલ્લા આયોજન મંડળને મોકલવવામાં આવેલ છે.

**જિલ્લા આયોજન મંડળની કામગીરી**

જિલ્લા આયોજન મંડળ દ્વારા અમલમાં મુકાતી ૧૫ ટકા વિવેકધિન જોગવાઈ ૫ % પ્રોત્સાહક જોગવાઈ, વિકાસશીલ રાપર અને લખપત તાલુકાઓની જોગવાઈ, ધારાસભ્યશ્રી ગ્રાન્ટ, બોર્ડર એરિયા ડેવલોપમેન્ટની જોગવાઈ હેઠળ ગ્રામ્ય વિકાસના કામોની દરખાસ્તોનું ઘડતર તાલુકા પંચાયત હેઠળની તાલુકા આયોજન સમિતિ દ્વારા થાય છે. વર્ષ ૨૦૧૬-૧૭ની યોજનાકીય દરખાસ્તો જિલ્લા આયોજન મંડળને ભલામણ કરવામાં આવે છે. દર માસે આંકડા અધિકારી દ્વારા આયોજનના ૧૮ કામોનું વિનિયમન કરી અહેવાલ સામાન્ય વહીવટી વિભાગ ગાંધીનગરને મોકલાવવામાં આવેલ છે.

**૧૫મી ઓગસ્ટ**

૧૫મી ઓગસ્ટ સ્વાતંત્ર્યદિન નિમીતે રાજ્યકક્ષાની ઉજવણી પેટે મળેલ રૂપિયા ૧ કરોડની ગ્રાન્ટના ખર્ચ પેટે બનાવેલ દરખાસ્ત મંજૂરી માટે સામાન્ય વહીવટી વિભાગમાં ગુજરાત સરકાર ગાંધીનગરને મોકલેલ.